PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન.નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૫/કવા–૦૪/૧૫–૧૬ / ૨૦૩૫ તા. ૦૨/૦૬/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી શીવલાલભાઈ બારસીયા
પ્રમુખ શ્રી,રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ,
સેન્ટર પોઈન્ટ,
કરણસીહજી રોડ
રાજકોટ
મો : ૦૨૮૧–૨૨૨૭૪૦૦, ૨૨૨૭૫૦૦

વિષય :–ટેમ્પરરી કનેકશન બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૩–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૭૫/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) ૦૪

નકલ સાદર રવાના :
(૧) મુખ્ય ઈજનેર શ્રી (ટેક) , પીજીવીસીએલ,નિગમીત કચેરી, રાજકોટ
(૨) વિશેષ મુખ્ય ઈજનેર શ્રી (આરએન્ડસી),પીજીવીસીએલ,નિગમીત કચેરી, રાજકોટ
– જે આપ શ્રી ની જાણકારી સારૂ.

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ,શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પ્રધ્યુમન નગર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 02 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**કેસ નં. : સીજીઆરએફ : ૭૫/કવા–૦૪/૧૫–૧૬** **કમિટિ મીટીંગ તા.૧૯–૦૪–૧૬** **સ્થળ :રાજકોટ**

**પક્ષકાર નં.: –(૧) વાદી :**

**અરજદાર (ફરીયાદી) : નામ: શ્રી શીવલાલભાઈ બારસીયા,ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી શીવલાલભાઈ બારસીયા હાજર રહેલ હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પ્રતિવાદી :**

**પીજીવીસીએલ (કચેરી) : પ્રધ્યુમન નગર પેટા વીભાગીય કચેરી,રાજકોટ(કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)**

**રજુઆત કરનાર : ડી.એમ.ભાલાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં– ૨, રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : ટેમ્પરરી કનેકશન બાબત**

**મુદ્દા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) વાદી : અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, રાજકોટ ના રેસકોર્ષ મેદાન મા, કોઈપણ પ્રકાર ના કાર્યક્રમો માટે, મેદાન ભાડે રાખવાના હેતુ
ની કરાયેલ અરજી સમયે, '' કલેકટર કચેરી સ્થિત – લોકમેળા સમીતી '' તરફથી '' ના વાંધા પ્રમાણપત્ર '' નો આગ્ર
પીજીવીસીએલ તરફથી જે રાખવામા આવે છે, તે બાબત વ્યાજબી નથી. આ પ્રશ્ન તેઓ શ્રી ને માટે '' તારીખ ૦૮ થી
જાન્યુઆરી–૧૬ દરમ્યાન – વાયબ્રન્ટ સૌરાષ્ટ્ર એકસપો એન્ડ સમીટ – ૨૦૧૬'' માટે, પીજીવીસીએલ પાસે મંગાયેલ
મેસર્સ – ઓકટાગોન કોમ્યુનીકેશન પ્રાલી. '' ના નામના, હંગામી જોડાણ માટે નો પ્રશ્ન હતો. આ પ્રશ્ન નુ કાય
નિરાકરણ કરવા માટે'' કલેકટર કચેરી સ્થિત – લોકમેળા સમીતી '' તરફથી '' ના વાંધા પ્રમાણપત્ર '' નો આગ્ર
પીજીવીસીએલ તરફથી જે રાખવામા આવેલ છે, તે ગેરવ્યાજબીપણુ દુર કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિ
રજુઆત કરેલ છે.

**૧.૨** તેમજ, અરજદાર ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા તથા સાધનીક દસ્તાવેજીક પેપર્સ રજુ કર
જણાવે છે કે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંમ
૦૪/૨૦૧૫ ( રીવાઈઝ સપ્લાય કોડ) ના મુદ્દા નં. ૪.૪૭ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' હંગામી જોડાણ ની વિધાર
ની નિયત અરજી ફોર્મ સાથે , નિયમાધીન જરૂરી એવા તમામ દસ્તાવેજીક પેપર્સ ઉપરાંત – માંગણીદાર ને, જે જગ્યા
હંગામી જોડાણ આપવાનુ હોય છે. તે જગ્યા ના માલીક નો પરવાનગીપત્ર'' મેળવી અને, હંગામી જોડાણ ની નિય
અરજી સાથે, અરજદારે વીજકંપની મા રજુ કરવા ની જોગવાઈ છે. આ જોગવાઈ નુ પાલન કરીને જ, '' મ્યુનીસીપ
કોર્પોરેશન ના માલીકી ના રેસકોર્ષ મેદાન '' પર હંગામી જોડાણ મેળવનાર અરજદારો, રેસકોર્ષ મેદાન ના માલીક એ
મ્યુનીસીપલ કોર્પોરેશન તરફથી પરવાનગી પત્ર મેળવી અને, નવા હંગામી જોડાણ ની અરજી સાથે, પીજીવીસીએલ
રજુ કરે છે. આ રેસકોર્ષ મેદાન ની માલીકી, રાજકોટ કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી અથવા તો નાયબ કલેકટર
રાજકોટ ની નથી. જેથી, આ રેસકોર્ષ મેદાન પર, નવુ હંગામી જોડાણ મેળવનાર અરજદાર પાસેથી, હંગામી જોડાણ મ
''રાજકોટ કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી '' ના – ના વાંધા પ્રમાણપત્ર નો આગ્રહ રાખવાની બાબત, જે નામદ
જીઈઆરસી ના ધારાધોરણ હેઠળ ની ન હોય, પીજીવીસીએલ માટે નિયમાધીન નથી.

**૧.૩** વિશેષ મા ખાસ કરીને, અરજદાર શ્રી, ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહીને. આધારભુત નિયમાવલી ના પેપર્સ ર
કરી અને મૌખીક પણે જણાવે છે કે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલે
નોટીફિકેશન નંબરઃ ૦૯/૨૦૦૫ ના ચેપ્ટર ન. 3 હેઠળ ના મુદ્દા નં. (vii) મા કરાયેલ સ્પષ્ટ જોગવાઈ મુજબ
વીજકંપની ની વીજલાઈન તેમજ વીજઈન્ફ્રાસ્ટ્રકચર '' જે ખરેખર અગાઉ ના કોઈ ગ્રાહક અરજદારે, સંપુર્ણ રક
ભરપાઈ કરેલ હોવા છતા, વીજકંપની ની ''સદર વીજલાઈન / વીજઈન્ફ્રાસ્ટ્રકચર '' ની માલીકી સ્વતંત્ર ભોગવટ
આવા અરજદાર / ગ્રાહક નો હોતો નથી. પરંતુ, ''સદર વીજલાઈન વીજઈન્ફ્રાસ્ટ્રકચર '' ની કાયમી ધોરણે ની માલી
વીજવિતરણ કંપની ની જ હોય છે. આવી કાયમી ધોરણે ની વીજકંપની ની માલીકી ની મીલકતો ની, કાયમી ધોર
જાળવણી તેમજ સમયાંતરે તાંત્રીક ફેરફાર અને આધુનીકરણ વગેરે, વીજવિતરણ કંપની દ્રારા કરવાના આવે છે. તે મુજ
અગાઉ અરજદાર / ગ્રાહક ના સ્વખર્ચે ઉભી થયેલ હોય એવી, સદર ''વીજલાઈન / વીજઈન્ફ્રાસ્ટ્રકચર '' ની કાયમી ધોર
ની જાળવણી, ફેરફાર, સુધારણા, તથા તાંત્રીક દ્રષ્ટીએ નવીનીકરણ / આધુનીકરણ, વગેરે બાબતો ના ખર્ચ
અરજદાર / ગ્રાહક પાસેથી વસુલ કરવાને બદલે, આવી મીલકતો ની માલીકી કાયમી ધોરણ વીજકંપની ની જ હોય
મુજબ નો ખર્ચ, વીજકંપની સ્વયં કરે છે.

| | |
|---|---|
| **૧.૪** | અરજદાર ફોરમ કમિટી ને જણાવે છે કે, ઉપરોક્ત મુદદા નં. ૧.૩ મુજબ ની બાબત, જે નામદાર જીઈઆરસી પ્રારીત નોટીફિકેશન આનુષાંગીક બાબત છે. જેને ધ્યાને લેતા, હાલ ના તબ્બકે, ''રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી ના રેસકોર્ષ મેદાન '' પર, ''રાજકોટ કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી '' તરફથી અગાઉ ''રાજકોટ કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી '' ના સ્વખર્ચે ઉભા થયેલ '' વીજઈન્ફ્રાસ્ટ્રકચર ની માલીકી, – કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી '' ની હોવાની બાબત કાયદેસર રીતે માન્ય રાખવા યોગ્ય નથી. જેથી, રેસકોર્ષ મેદાન પર હંગામી જોડાણ મેળવનાર પાસેથી, કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી નુ ના–વાંધા પ્રમાણપત્ર મેળવવાનો આગ્રહ, પીજીવીસીએલ નિયમાધીન રીતે રાખી શકે નહી. |

## મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પ્રતિવાદી : પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત

| | |
|---|---|
| **૨.૧** | રાજકોટ ના રેસકોર્ષ મેદાન ની બહાર ના, જાહેર મુખ્ય રસ્તા એવા રીગરોડ પર હાલ, પીજીવીસીએલ ના કુલ ૦૨, એવા ૧૧ કેવી અર્બન ફીડરો, જેમકે (૧) ૧૧ કેવી હોસ્પીટલ ફિડર તથા (૨) ૧૧ કેવી જંકશન ફિડર ની મુખ્ય વીજલાઈન આવેલ છે. અગાઉ ના ઘણા વર્ષો પહેલા, '' કલેકટર કચેરી સ્થિત – લોકમેળા સમીતી '' દ્વારા, પીજીવીસીએલ મા ૧૦૦% રકમ ભરપાઈ કરી અને, સદર બન્ને ફીડરો ની, મુખ્ય રોડ પર આવેલ ૧૧ કેવી વીજલાઈનો માથી ટેપીંગ કરી, અને મુખ્ય રીગરોડ પરથી, ''રેસકોર્ષ મેદાન સુધી'', ૧૧ કેવી વીજલાઈન ખેચી, રેસકોર્ષ મેદાન ની જમીન પર, ડીપી તેમજ ટ્રાન્સફોર્મર્સ વગેરે કાયમી ધોરણે નુ વીજઈન્ફ્રાસ્ટ્રકચર, જે પીજીવીસીએલ તરફથી ઉભુ કરાયેલ છે. '' મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી ના રેસકોર્ષ મેદાન '' પર ના, '' કલેકટર કચેરી સ્થિત – લોકમેળા સમીતી '' દ્વારા સ્વખર્ચે ઉભા કરાયેલ, સદર પ્રકાર ના કાયમી ધોરણે ના વીજઈન્ફ્રાસ્ટ્રકચર મા – રેસકોર્ષ મેદાન પર હાલ ના તબ્બકે, આશરે ૧૦ થી ૧૨ જેટલા વીજટ્રાન્સફોર્મર કાયમી ધોરણે હૈયાત છે. |
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, હાલ ના તબ્બકે, '' રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી ના રેસકોર્ષ મેદાન '' પર કાયમી ધોરણે ઉભા કરાયેલ એવા હૈયાત વીજઈન્ફ્રાસ્ટ્રકચર માથી, '' મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી ના રેસકોર્ષ મેદાન પર" સમયાંતરે આયોજીત થતા, કોઈપણ પ્રકાર ના કાર્યક્રમો (લોકમેળો/ સરકસ/ વિજ્ઞાપન મેળો/ જાદુગર / ધાર્મીક / સાંસ્કૃતીક / શૈક્ષણીક / અન્ય પ્રકારના સેમીનારો/ કોઈપણ પ્રકાર ના એક્ઝીબીશન વગેરે પ્રકાર ના કાર્યક્રમો) માટે, હંગામી જોડાણ મેળવવાની પીજીવીસીએલ સમક્ષ અરજી કરનાર હંગામી ધોરણ ના વીજગ્રાહક ને. '' રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન" તરફથી, ચોકકસ મર્યાદીત સમયગાળા માટે, "તેઓની માલીકી ના રેસકોર્ષ મેદાન '' નુ નિયત ભાડુ વસુલ કરી અને – રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન તરફથી, આવા હંગામી જોડાણકાર ને, ભાડાની રસીદ અને , હંગામી ધોરણ નુ વીજજોડાણ મેળવવા માટે નો પરવાનગી પત્ર આપવામા આવે છે. જેથી, હંગામી જોડાણ મેળવનાર અરજદાર / ગ્રાહક તેમની હંગામી જોડાણ ની નિયત અરજી સાથે ના જરૂરી દસ્તાવેજીક પેપર્સ ઉપરાંત નો, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન નો આવો પરવાનગી પત્ર પણ, નિયત અરજી સાથે પીજીવીસીએલ મા રજુ કરે છે. |
| **૨.૩** | ઉપરોક્ત ૨.૧ મુજબ ની વિગતે ની '' રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી ના રેસકોર્ષ મેદાન પર કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી '' તરફથી અગાઉ સ્વખર્ચે ઉભા કરાયેલ અને હાલ ના તબ્બકે "રેસકોર્ષ મેદાન" પર હૈયાત રહેલ એવા, વીજઈન્ફ્રાસ્ટ્રકચર માથી, નવા આગંતુક હંગામી જોડાણકાર / ગ્રાહક ને, તેઓ શ્રી ની મુદદા નં. ૨.૨ મુજબ ની અરજી ના અનુસંધાને, આ વીજઈન્ફ્રાસ્ટ્રકચર માથી '' બી/ સી/ ડી કેટેગરી ને બદલે, માત્ર એ–કેટેગરી હેઠળ જ હંગામી જોડાણ – જે સરળતાથી તેમજ ઓછા ખર્ચે મળી રહે છે. પરંતુ, સદર હૈયાત ઈન્ફ્રાસ્ટ્રકચર જે '' રાજકોટ કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી '' ના, અગાઉ સ્વખર્ચે ઉભુ થયેલ હોવાના કારણોસર, '' નાયબ કલેકટર શ્રી રાજકોટ તરફથી '' – જે પીજીવીસીએલ ની શહેર વર્તુળ કચેરી રાજકોટ ને અપાયેલ, અને હાલ ના તબ્બકે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ, તા.૨૭–૦૮–૧૩ ના લેખીત પત્ર નંબર: લેન્ડ/અપીલ–બીનખેતી/વશી–૭૮૧/૧૩ થી, "રેસકોર્ષ મેદાન પર હંગામી જોડાણ, જે – રાજકોટ કલેકટર સ્થીત લોકમેળા સમીતી તરફથી – ના વાંધા પ્રમાણપત્ર " મેળવ્યા બાદ જ, આવા જોડાણકાર / ગ્રાહક ને, હંગામી જોડાણ આપવા બાબતે નો આજ્ઞાનુસાર નો, પીજીવીસીએલ ને આદેશ અપાયેલ છે. |
| **૨.૪** | આમ, મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે ના, નાયબ કલેકટર શ્રી રાજકોટ ના, તા.૨૭–૦૮–૧૩ ના, લેખીત પત્ર નંબર: લેન્ડ/અપીલ–બીનખેતી/વશી–૭૮૧/૧૩ થી અપાયેલ આજ્ઞા અનુસાર આદેશ, જે પીજીવીસીએલ મા હૈયાત હોવાના કારણોસર, સદર "રેસકોર્ષ મેદાન" પર નવા હગામી જોડાણકાર / ગ્રાહક નુ જીઈઆરસી ના ધારાધોરણે હેઠળ ની જોગવાઈ મુજબ મંજુર કરાયેલ, તેમની માંગણી મુજબ નુ, નવુ હંગામી ધોરણ નુ વીજજોડાણ, આપતા પહેલા, નામદાર કલેકટર શ્રી તરફથી થયેલ આજ્ઞાનુસાર નુ '' રાજકોટ કલેકટર કચેરી સ્થિત નાયબ કલેકટર શ્રી રાજકોટ તરફથી લોકમેળા સમીતી નુ ના–વાંધા પ્રમાણપત્ર'' જે, હાલ ના તબ્બકે, આવા હગામી જોડાણ મેળવનાર અરજદારો / ગ્રાહકો પાસેથી, પીજીવીસીએલ દ્વારા ખાસ માંગવામા આવે છે. આ બાબત, રાજકોટ કલેકટર કચેરી સ્થિત લોકમેળા સમીતી અન્વયે ના નાયબ કલેકટર શ્રી રાજકોટ તરફથી પીજીવીસીએલ ને કરાયેલ, આજ્ઞાનુસાર ની આદેશાત્મક બાબત હોય. જેથી, પીજીવીસીએલ તરફથી, સરકાર શ્રી ની નમાદાર કલેકટર શ્રી તરફથી થયેલ સદર આજ્ઞાનુસાર આદેશાત્મક બાબત નો અનાદર ન કરતા અમલવારી કરવામા આવે છે. |

| | |
|---|---|
| **૨.૫** | આમ, ઉપરોકત મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે વર્ણવેલ નામદાર રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી નો હોવાલો સંભાળતા, નાયબ કલેકટર શ્રી રાજકોટ ના '' ના–વાંધા પ્રમાણપત્ર'' નો પ્રશ્ન, જે પીજીવીસીએલ ને આજ્ઞાનુસાર ના આદેશ સમાન છે. જેથી, સદર પ્રશ્ન પીજીવીસીએલ ને સીધો સ્પર્શતો નથી. જયારે, નવા હંગામી જોડાણકાર ને સીધી સ્પર્શતી નથી. પરંતુ, અરજદાર / ગ્રાહક ને સીધી સ્પર્શે છે. આમ, સદર ના – વાંધા પ્રમાણપત્ર બાબતે નો પ્રશ્ન, હંગામી જોડાણ મેળવનાર અરજદાર ને સીધો સ્પર્શે છે. જે મુજબ, આ પ્રશ્ન '' રાજકોટ કલેકટર સ્થિત લોકમેળા સમીતી અને રેસકોર્ષ મેદાન પર હંગામી જોડાણ માંગનાર અરજદાર / ગ્રાહક વચ્ચે નો છે. પરંતુ, આ પ્રશ્ન રાજકોટ કલેકટર સ્થિીત લોકમેળા સમીતી અને પીજીવીસીએલ વચ્ચે નો નથી.'' |
| **૨.૬** | આમ, ઉપરોકત મુદ્દા નં. ૨.૫ મુજબ ની વિગતે વર્ણવેલ આ પ્રશ્ન, માંગણીદાર / હંગામી જોડાણ ના અરજદાર અને લોકમેળા સમીતી વચ્ચે નો હોય, અરજદાર શ્રી એ, તેમના મંજુરી ને આધિન એવા, નવા હંગામી જોડાણ ને, ખરેખર ચાલુ કરતા પહેલા, સદર પ્રશ્ન નુ નિરાકરણ, '' જે જોડાણ ચાલુ કરતા પહેલા ખુદ અરજદાર શ્રી એ પોતેજ, અરજદાર શ્રી એ તેમના અંગત પણા હેઠળ જ, કરવાનુ હોય છે. આમ, આવા અરજદારો ના, જોડાણ ચાલુ કરતા પહેલાના, તેમના અંગત પણા ના પ્રશ્ન નુ નિરાકરણ, પીજીવીસીએલ મારફત કરાવવાની, અરજદાર શ્રી ની આગ્રહ ભરી માંગણી અન્વયે, પીજીવીસીએલ કક્ષાએથી, કઈ થઈ શકે તેમ નથી. જેથી, અરજદાર શ્રી ની સદર ફરીયાદ નુ નિરાકરણ અરજદાર શ્રી એ પોતેજ કરવાનુ રહેશે, તે મુજબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરવામા આવે છે. |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>પૂર્વ સારાંશ</u>:**

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદારે, સદર પ્રશ્ન જ, અગાઉ અત્રેના ફોરમ સમક્ષ, નોંધણીનંબરઃ સીજીઆરએફ/૨૦ /કવા–૦૪/ ૧૩–૧૪, થી નોંધાવેલ હતો. અને ફોરમ કમીટી તરફથી, તા.૨૬–૦૨–૨૦૦૪ ની રાજકોટ ખાતે ની મીટીગ મા, અગાઉ નો સદર પ્રશ્ન હીઅરીગ હેઠળ આવરી લઈ, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા, ફરીયાદી અરજદાર સાથે રૂબરૂ ચર્ચા ઓ કર્યા બાદ જ, અત્રેના ફોરમ તરફથી, અરજદાર શ્રી ની સદર પ્રશ્ન વાળી ફરીયાદ અન્વયે, તા.૦૫–૦૩–૧૪ થી હુકમ નં. : ૩૩૬૫ અપાયેલ હતો. તેમ છતા, ફરી એક વખત અરજદારે, આ જ પ્રશ્ન, ફોરમ કમિટી સમક્ષ સવાલવાળી તા.૧૬–૦૩–૧૬ ની લેખીત અરજી મા રજુ કરી, અને અગાઉ ની ફરીયાદ જ ફરી એક વખત ફોરમસમક્ષ નવેસર થી નોંધાવેલ છે. જેથી, ફોરમ કમિટી તરફથી, ફરીયાદી શ્રી ની સવાલવાળી અગાઉ ની અરજી મા જ, પુનરાવર્તીત થયેલ સદર પ્રશ્ન વાળી સવાલવાળી તા.૧૬–૦૩–૧૬ ની ફરીયાદ ને, નવેસર થી નોંધણી આપી, અને તા.૧૯–૦૪–૧૬ ની રાજકોટ ખાતે ની ફોરમ કમિટી ની મીટીગ મા, અરજદાર શ્રી ની રૂબરૂ હાજરી મા, અરજદાર સાથે રૂબરૂ ચર્ચા કર્યા બાદ જ, ફરી એક વખત, અગાઉ ની ફરીયાદ અરજી મા પૂનરાવર્તીત થયેલ પ્રશ્ન વાળી ફરીયાદ નુ હીઅરીગ થયેલ છે. |
| **૩.૨** | ફોરમ કમિટી ની તા.૧૯–૦૪–૧૬ ની મીટીગ મા, અરજદાર શ્રી ની, હાલ ના તબ્બકે ની, તા.૧૯–૦૪ ૧૬ ની ફરીયાદ અરજી, તેમજ હીઅરીગ દરમ્યાન અરજદારે ફોરમ કમીટી સમક્ષ મૌખીક પણે કરેલરજુઆતો ને, ફરીયાદી અરજદાર ના મુદ્દા નં. ૧.૧ થી ૧.૪ મુજબ ની વિગતે આવરી લઈ અને ફોરમ કમિટી તરફથી,અરજદાર શ્રી ની માંગણી મુજબ ની તમામ બાબતો, ફરી એક વખત, ઉંડાણ પૂર્વક અને વિસ્તાર પૂર્વક અભ્યાસ મા લેવામા આવેલ છે. તેમજ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ અહેવાલ અને, પીજીવીસીએલ તરફથી કમીટી સમક્ષ મૌખીક પણે રજુ કરાયેલ બાબતે ના મુદ્દા નં. ૨.૧ થી મુદ્દા નં. ૨.૬ મા વર્ણવેલ વિગતો પણ ફોરમ કમિટી તરફથી ઉંડાણ પૂર્વક અભ્યાસે લેવામા આવેલ છે. આ તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ધ્યાને લઈ અને અભ્યાસ કરતા, ફોરમ કમિટી ને, ફરીયાદી અરજદાર શ્રી નો સદર પ્રશ્ન, જે અગાઉ હુકમીત થયા મુજબ નો જ જણાયેલ છે. જેથી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર તરફથી સદર ફરીયાદ અરજી કેઈસ મા, અગાઉ થયેલ હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/કવા–૦૪/ ૧૩–૧૪/૩૩૬૫, તા.૦૫–૦૩–૧૪ ને, ફોરમ કમિટી એ કાયમ રાખી, અને તેને વિશેષ સમર્થન આપતા, નીચે વર્ણવ્યા મુજબ ના મુદ્દાઓ ની વિગતે, નિષ્કર્ષ કરાયેલ છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **: <u>નિષ્કર્ષ</u>:**

| | |
|---|---|
| **૪.૧** | નવા હંગામી જોડાણકારો ની, રાજકોટ ખાતે ના, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી વાળા, રેસકોર્ષ મેદાન પર, નવા હંગામી જોડાણકારની, પીજીવીસીએલ ની રાજકોટ કચેરી સમક્ષ રજુ થતી વિધીસર ની અરજીઓ, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૨૭ મા કરાયેલ જોગવાઈ અંતર્ગત ની તેમજ, વીજધારા –૨૦૦૩ ની કલમ ૫૪ મા કરાયેલ સલામતી ની જોગવાઈ હેઠળ ની પૂર્તતા વાળી અરજીઓ હોય છે. જેથી આવી અરજીઓ, પીજીવીસીએલ તરફથી નિયમાધીન રીતે માન્ય રાખવા યોગ્ય છે. મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ આ અરજીઓ વાળા આવા હંગામી જોડાણો ને, હાલ ના તબ્બકે, રાજકોટ ખાતે ના, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી વાળા, રેસકોર્ષ મેદાન પર, કાયમી ધોરણે ઉપલબ્ધ રહેલ વીજઈન્ફ્રાસ્ટ્રકચર, કે જે વીજઈન્ફ્રાસ્ટ્રકચર, અગાઉ રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી તરફથી, સ્વંખર્ચે સંપુર્ણ રકમ ભરપાઈ કરી અને પીજીવીસીએલ મારફત વીજઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરાવેલ હોવા છતા, નિયમાધીન રીતે આ વીજઈન્ફ્રાસ્ટ્રકચર ની માલીકી લોકમેળા સમીતી ની નહી, પરંતુ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૯/૨૦૦૫ ના ચેપ્ટર નં. ૦૩ હેઠળ ના મુદ્દા નં. (vii) મા કરાયેલ જોગવાઈ મુજબ, વીજવિતરણ એવી પીજીવીસીએલ કંપની ની જ છે. જેથી, પીજીવીસીએલ ની માલીકી ના સદર હૈયાત વીજઈન્ફ્રાસ્ટ્રકચર માથી, નવા હંગામી વીજ જોડાણકારોને, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી હેઠળ હંગામી જોડાણ આપવાની કાર્યવાહી હેઠળ, હગામી વીજ જોડાણકારોની અરજીઓ ને આવરી લઈ, અને પીજીવીસીએલ, આવા જોડાણો આપી શકે છે. પરંતુ, અરજદારો ને આવા જોડાણો આપવા માટે, '' રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી તરફથી '' ના વાંધા પ્રમાણપત્ર નો જે આગ્રહ રાખવામા આવે છે, તે નિયમ પીજીવીસીએલ નો નથી, પરંતુ, રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી દ્વારા પીજીવીસીએલ ને કરાયેલ આજ્ઞા અનુસાર આદેશ અન્વયે, રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી નો સદર નિયમ છે. |

**૪.૨** આમ, ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે, રાજકોટ શહેર સ્થિત, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન ની માલીકી ના, રેસકોર્ષ મેદાન પર, નવા હંગામી જોડાણ આપતા પહેલા, આવા જોડાણકારો પાસેથી, રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી નુ ના–વાંધા પ્રમાણપત્ર, હોવુ આવશ્યક હોવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને, રાજકોટ કલેકટર કચેરી ના નાયબ કલેકટર શ્રી રાજકોટ તરફથી, તા.૨૭–૦૮–૧૩ ના રોજ નો, લેખીત આદેશાત્મક અને આજ્ઞા અનુસાર નો, પત્ર નંબરઃ લેન્ડ/અપીલ–બીનખેતી/વશી–૭૮૧/૧૩ અપાયેલ છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર માટે, સવાલવાળો પ્રશ્ન જે કલેકટર કચેરી તરફથી થયેલ આજ્ઞાનુસાર ના આદેશ મુજબ નો છે. આ પ્રશ્ન, જે નિયમાધીન મંજુરી ની કાર્યવાહી હેઠળ આવરી લેવાયેલ, નવા હંગામી જોડાણકારો માટે, જોડાણ આપતા પહેલાનો, કલેકટર કચેરી તરફથી પીજીવીસીએલ મા રજુ થયેલ એક પ્રકાર નો '' આગવા– વાંધા પત્ર'' મુજબ નો જ છે. આ પ્રશ્ન પીજીવીસીએલ પક્ષકાર નો અરજદાર પક્ષકાર સામે નો નથી, પરંતુ, નામદાર કલેકટર કચેરી રાજકોટ તરફથી અરજદાર સામે નો સીધો જ પ્રશ્ન છે. પીજીવીસીએલ તરફથી, સદર પ્રશ્ન ની પૂર્તતા કરવાની જાણકારી માત્ર, આવા અરજદારો ને આપવામા આવે છે.આમ, સદર સવાલવાળા ' લોકમેળા સમીતી ના, ના – વાંધા પત્ર '' નો પ્રશ્ન, જે નામદાર કલેકટર કચેરી રાજકોટ અને નવા હંગામી જોડાણકાર વચ્ચે નો – સીધો જ પ્રશ્ન છે. જયારે, આ પ્રશ્ન પીજીવીસીએલ અને ગ્રાહક વચ્ચે નો સીધો પ્રશ્ન નથી.આવા કારણોસર, સદર પ્રશ્ન બાબતે ની જાણકારી માત્ર, જે પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને આપી, અને તેમની માંગણી મુજબ ના જોડાણ ની મંજુરી મા ઘટતી વિગતો, માત્ર પૂર્તતા કરવાનુ જ અરજદાર શ્રી ને જણાવવામા આવે છે.

**૪.૩** આમ, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે નો પ્રશ્ન, જે નામદાર રાજકોટ કલેકટર સ્થિત, લોકમેળા સમીતી અને અરજદાર વચ્ચે નો જ સીધો અને પ્રત્યક્ષ પ્રશ્ન છે. જેથી, સદર પ્રત્યક્ષ પ્રશ્ન નુ નિરાકરણ, અરજદાર શ્રી એ, અંગત રીતે જ કરવાનુ હોય છે. ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદારે, નામદાર કલેકટર શ્રી સામેનો, આ પ્રકારનો હંગામી જોડાણકારો ને, જે તેઓએ અંગતપણે ઉકેલવાને બદલે, તેમને સીધો સ્પર્શતો એવો પ્રશ્ન, પીજીવીસીએલ મારફત, નામદાર કલેકટર શ્રી સાથે યોગ્ય કાર્યવાહી કરીને જ – પીજીવીસીએલ દ્રારા જ ઉકેલવાનો આગ્રહ રાખેલ છે. તેમજ, આ મુજબ ના સદર પ્રશ્ન ના નિરાકરણ કરવા બાબતે, પીજીવીસીએલ ને યોગ્ય આદેશ આપવા માટે પણ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ, સવાલવાળી અરજી મા, આગ્રહ ભરી માંગણી કરેલ છે.

**૪.૪** પરંતુ, જીલ્લા કલેકટર શ્રી ની કચેરી, જે સરકાર શ્રી ના વહીવટ નુ, મહત્વનુ અંગ છે. અને જીલ્લા વહીવટીય શાસન હેઠળ, કાયદાકીય અને વહીવટીય દ્રષ્ટીએ સર્વોચ્ચ સતાઓ ધરાવે છે. તેમજ, જીલ્લા કક્ષાના વહીવટીય સતાધીશ એવા કલેકટર શ્રી, જીલ્લા મેજીસ્ટ્રેટ ના દરજજા હેઠળ સર્વોચ્ચ સતાધીશ છે. આમ,સર્વોચ્ચ સતાધીશ ની કચેરી તરફથી પીજીવીસીએલ પક્ષકાર ને અપાયેલ આજ્ઞા અનુસાર ના આદેશપત્ર ને અવગણીને / અથવા આવા આજ્ઞા અનુસાર ના આદેશપત્ર ના ઉલ્લંઘન કરવાની બાબતે, અત્રેના ફોરમ તરફથી પીજીવીસીએલ પક્ષકાર ને કોઈ આદેશ આપી શકાય નહી.

**૪.૫** આમ, રાજકોટ કલેકટર કચેરી સ્થિત, લોકમેળા સમીતીના '' ના–વાંધા પ્રમાણપત્ર'' બાબતેનો સદર પ્રશ્ન, જે ફરીયાદી અરજદાર શ્રી અને રાજકોટ કલેકટર શ્રી વચ્ચે નો પ્રત્યક્ષ એવો, ખાસ કરીને, ફરીયાદી અરજદાર ને સીધો સ્પર્શતો એવો પ્રશ્ન છે. આ પ્રશ્ન નુ નિરાકરણ, અરજદાર શ્રી એ જ કરવાનુ હોય છે. '' રાજકોટ કલેકટર શ્રી અને અરજદાર શ્રી વચ્ચે ના '' સદર પ્રશ્ન નુ નિરાકરણ, જે – રાજકોટ કલેકટર શ્રી ના આદેશાત્મક પત્ર ની અમલવારી, જે પીજીવીસીએલ દ્રારા ન કરાવવા સબબ નો હુકમ પીજીવીસીએલ ને આપવા બાબતે ની, અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી મા કરાયેલ આગ્રહ ભરી માંગણી, જે અત્રેના ફોરમ કક્ષાએથી ગ્રાહય રાખી શકાય નહી. સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ આ મુજબ ના નિષ્કર્ષ ની જાણકારી અરજદાર શ્રી ને આપવામા આવે છે.

**મુદદા નં.–૫ :** **હુકમ**

**૫.૧** સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૪.૧ થી ૪.૪ મુજબ ની વિગતે અરજદાર શ્રી ને વિસ્તારપૂર્વક જાણકારી આપી અને, નિષ્કર્ષ ના મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી, ફોરમ કક્ષાએ ગ્રાહય રહેલ નથી. તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો હુકમ થયેલ છે.

( શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબબ હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..